## બનાસની તાકાત, બનાસનો આત્મવિશ્વાસ અને બનાસનો શ્વાસ



પ્રકાશનઃ- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંકઃ ૭ | જુલાઈ-૨૦૨૩

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં યોજાઈ બનાસ ડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભાઃ** જાહેર કરાયો ૨૦.૨૭ ટકા લેખે ૧૯૫૨ કરોડનો ભાવફેર

**બનાસની ગૌરવગાથાઃ** બનાસ ડેરીની સફળતાનું શ્રેય દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને જિલ્લાના પશુપાલકોના ફાળે જાય છેઃ ચેરમેન શ્રી શંકરભાઈ

**બનાસે સર્જ્યા રેકોર્ડઃ** વર્ષ ૨૦૨૨-૨૩માં બનાસ ડેરીએ કરી તેજ ગતિએ પ્રગતિઃ બનાસ ડેરીએ છેલ્લાં કેટલાંક વર્ષોમાં ડેરી ક્ષેત્રમાં સર્જેલા પોતાના જ રેકોર્ડ તોડ્યો



# બનાસ ડેરીએ જાહેર કર્યો ઐતિહાસિક ભાવફેર

## ૨૦.૨૭ ટકા લેખે ૧૯૫૨ કરોડનો ભાવફેર





**બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં યોજાઈ બનાસ ડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભા**



- ડેરીના કાર્યક્ષેત્રનો વિકાસ થતાં જિલ્લાના પશુપાલકોના નિશ્ચિત ઉજ્જવળ ભવિષ્યના મજબૂત પાયાનું થયું નિર્માણ
- બનાસ ડેરીએ કરી ૨૦.૨૭ ટકા લેખે ૧૯૫૨ કરોડનો ભાવફેર ચૂકવવાની જાહેરાત
- બનાસ ડેરીએ વાર્ષિક ટર્નઓવરમાં નોંધાવી વૃદ્ધિઃ વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ.૪,૬૮૭ કરોડથી ૨૦૨૨-૨૩માં વધીને રૂ.૧૮,૦૫૯ કરોડ નોંધાયું
- બનાસ ડેરીએ વર્ષ ૨૦૨૨-૨૩માં એક જ દિવસની અંદર ૮૬.૫૦ લાખ કિલો દૂધની રેકોર્ડબ્રેક પ્રાપ્તિ હાંસલ કરી
- જિલ્લામાં દૂધનું ઉત્પાદન ૨૦૧૩-૧૪માં પ્રતિદિવસ ૨૯.૯૬ લાખ કિલોગ્રામથી વધીને ૨૦૨૨-૨૩માં ૭૨.૦૪ લાખ કિલોગ્રામ થયું

એશિયાની સૌથી મોટી અને દૂધનું વધુ સંપાદન કરતી બનાસ ડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભા બનાસડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને અને રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં બનાસ સંકુલ, સણાદર ખાતે મળી હતી. બનાસકાંઠાના પશુપાલકો જે દિવસની આતુરતાથી રાહ જોતા હોય છે તે વાર્ષિક સાધારણ સભા તમામ માટે આનંદના સમાચાર લઈને આવી છે. ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જેવો દૂધનો વર્ષાંતે ભાવ જાહેર કર્યો તેની સાથે જ જિલ્લાના પશુપાલકોએ તેને ખુશીથી વધાવી લીધો હતો. બનાસ ડેરીના કુશળ વહીવટના કારણે ૨૦.૨૭ ટકા લેખે રૂ. ૧૯૫૨ કરોડનો ઐતિહાસિક ભાવફેર ચેરમેન શ્રી શંકરભાઈએ જાહેર કરતાં જિલ્લાના પશુપાલકોના ઘરે ઘરે દિવાળીનો માહોલ સર્જાયો હતો.

ચેરમેન શ્રી શંકરભાઈએ બનાસ ડેરીની વિવિધ પ્રવૃત્તિ, દૂધ સિવાયના અન્ય વ્યવસાયોથી આપેલા ફાયદાઓનું પ્રેઝન્ટેશન રજૂ કરીને લાખો પશુપાલકોને માહિતગાર કરતાં જણાવ્યું હતું કે





બનાસ ડેરીએ ચાલુ વર્ષમાં રૂ. ૧૮,૦૫૯ કરોડથી વધુનું ટર્ન ઓવર કરી પ્રગતિના પંથે આગળ વધીને પશુપાલકોના કલ્યાણ અર્થે રૂ.૧૯૫૨ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેરનો નિર્ણય કર્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં બનાસ ડેરીની વર્ષ ૨૦૨૨-૨૩ની નોંધપાત્ર પ્રગતિ પશુપાલકો સમક્ષ વર્ણવતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ખૂબ જ ગર્વ અને આનંદ વ્યક્ત કર્યો હતો. તેમણે બનાસ ડેરીની વર્ષ ૨૦૨૨-૨૩ની પ્રગતિ અંગે જણાવતાં કહ્યું હતું કે બનાસકાંઠાના નાના પશુપાલકોએ ભેગા મળીને બનાસ ડેરીની સફળતાની ગૌરવગાથા લખી છે. ૫૫ વર્ષ પહેલાં સ્વર્ગસ્થ શ્રી ગલબાકાકા દ્વારા રોપાયેલા નાના બીજમાંથી બનાસ ડેરી આજે એક શક્તિશાળી વટવૃક્ષ બનીને ખીલી છે, જે હજારો ખેડૂતો અને પશુપાલકોને સમૃદ્ધિ પ્રદાન કરે છે. બનાસ ડેરીએ દૂધ ઉત્પાદન અને અન્ય કૃષિ પાકોમાં તો સફળતા પ્રાપ્ત કરી જ છે, પરંતુ સાથે-સાથે એ પણ સુનિશ્ચિત કર્યું છે કે કૃષિ અને પશુપાલન ક્ષેત્રમાં મૂલ્યવર્ધન દ્વારા સમૃદ્ધિ હાંસલ થાય. બનાસ ડેરીએ ૧૯૬૯થી સર્વગ્રાહી સુખાકારી અભિગમ સાથે કાર્યરત છે. સરેરાશ ૬૯૮ મિ.મી. વરસાદ સાથે શુષ્ક વાતાવરણ હોવા છતાં, જિલ્લામાં દૂધનું ઉત્પાદન ૨૦૧૩-૧૪માં પ્રતિદિવસ ૨૯.૯૬ લાખ કિલોગ્રામથી વધીને ૨૦૨૨-૨૩માં ૭૨.૦૪ લાખ કિલોગ્રામ થયું છે. આ વર્ષે બનાસ ડેરીએ એક જ દિવસમાં ૮૬.૫૦ લાખ કિલો દૂધની રેકોર્ડબ્રેક પ્રાપ્તિ હાંસલ કરી છે, જે દેશના તમામ ડેરી ઉદ્યોગના રેકોર્ડને વટાવી દીધી છે.

બનાસ ડેરીએ વાર્ષિક ટર્નઓવરમાં પણ નોંધપાત્ર વૃદ્ધિ કરી છે, જે ૨૦૧૩-૧૪માં રૂ.૪,૬૮૭ કરોડથી ૨૦૨૨-૨૩માં વધીને રૂ.૧૮,૦૫૯ કરોડ થઈ છે. આઠ વર્ષ પહેલાં બનાસ ડેરીના પશુપાલકોને દર મહિને રૂ.૨૮૭ કરોડ રૂપિયા ચૂકવાતા હતા તે



આજે પ્રતિદિવસ રૂ.૩૩.૭૦ કરોડ લેખે મહિને રૂ.૧,૦૨૫ કરોડથી વધુ ચૂકવાય છે એટલે કે માત્ર ગણતરીનાં વર્ષોમાં પહેલાં કરતાં સાડા ત્રણ ગણી અને તે પણ સીધા દર ૧૫ દિવસે અચૂક પશુપાલકોના બેંક ખાતામાં જમા થઇ જાય છે. વધુમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે બનાસ ડેરી થકી જિલ્લામાં આર્થિક વિકાસ, મહિલા સશક્તિકરણ, સામાજિક ગેરમાન્યતાઓને દૂર કરવા, કુપોષણ ઘટાડો, જિલ્લાને હરિયાળો બનાવવો, પાણીની ઉપલબ્ધતા, પશુપાલનમાં આધુનિકીરણ, રોજગાર નિર્માણ, તબીબી શિક્ષણમાં પ્રગતિ અને ઉત્તમ પશુધનમાં વધારા જેવા લોકોના જીવનધોરણમાં સુધારો કરતાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. તદુપરાંત બનાસ ડેરી વૃક્ષારોપણ, તળાવનું નિર્માણ, જળસંરક્ષણ ઝુંબેશ, સીડ બોલ ઝુંબેશ, માટી સંરક્ષણ અને નશા વિરોધી ઝુંબેશમાં સક્રિય છે.

ચેરમેનશ્રીએ ખુશી વ્યક્ત કરતાં પશુપાલકોને જણાવ્યું હતું કે બનાસકાંઠા સમગ્ર ભારતમાં દૂધ ઉત્પાદકોને દૂધના શ્રેષ્ઠ ભાવ આપવામાં અગ્ર હરોળમાં છે, સાથે પૈસાની ચુકવણી સીધી એમના ખાતામાં કરવામાં આવે છે, જે પ્રેરણાદાયક છે. છેલ્લાં આઠ વર્ષમાં બનાસ ડેરીના સામૂહિક પુરુષાર્થમાં બનાસ ડેરીના કર્મયોગી કર્મચારીઓની મહેનત, પશુપાલકોનો પરિશ્રમ અને નિયામક મંડળનું માર્ગદર્શન બનાસ ડેરીની સામૂહિક શક્તિને આગળ વધારવામાં અમૂલ્ય સાબિત થયું છે.

કૃષિની સાથે-સાથે પશુપાલન અને મધનું ઉત્પાદન એ બનાસવાસીઓ માટે મહત્ત્વની પૂરક આવક બની ગઈ છે. દૂધની ગુણવત્તાના ધોરણે સારા ભાવો મળતાં ખેડૂતોની પશુપાલનની પ્રવૃત્તિને વેગ મળ્યો છે તેમજ ઘણાખરાં પશુપાલનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કુટુંબોને પુરતી રોજી-રોટી મળી રહેતાં સમાજમાં માનભેર રહેતાં થાય તેમજ જીવનમાં સુખાકારી આવી છે. બનાસ ડેરીના નેજા હેઠળ સમાજમાં સહકાર, એકરૂપતા, સુખાકારી અને આર્થિક સધ્ધરતા આવી છે. આ પ્રગતિ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના દૂરંદેશી માર્ગદર્શન અને બનાસ ડેરીના પશુપાલકોના અવિરત પ્રયાસોનું પરિણામ છે. પંખીને ઊડવા માટે વિશાળ આકાશ ઉપલબ્ધ હોય છે એમ બનાસ ડેરીની પ્રગતિ માટે અમાપ અવકાશ છે. બનાસવાસીઓએ સાથે મળીને આ સુવર્ણ તક ઝડપી તથા સહકારિતાના ઉચ્ચ આદર્શો તથા મૂલ્યોને સાર્થક કરવાં પડશે એમ પ્રેરણા અને પ્રોત્સાહન પૂરું પાડતા જણાવ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે જે અગાઉ આ વિસ્તારના લોકો રોજગારીની શોધમાં સંઘર્ષ કરતા હતા અને સ્થળાંતર એક મુખ્ય સમસ્યા હતી, જેના કારણે બનાસકાંઠાની ઇકોનોમીનો ગ્રોથ પણ સાવ ઓછો એટલે કે ગણાય પણ નહિ એવો હતો, પરંતુ જ્યારથી બનાસ ડેરીએ ખેડૂતો, પશુપાલકો અને અન્ય લોકોને પણ સાથે જોડીને તેમને આર્થિક રીતે મજબૂત બનાવવાનું કામ કર્યું છે ત્યારથી સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આજે પાંચ લાખથી વધુ પશુપાલકો બનાસ ડેરી સાથે જોડાયેલા છે, જે લાખો રૂપિયાની આવક દૂધ થકી પ્રાપ્ત કરે છે.





બનાસ ડેરીએ જિલ્લાના લોકોને આધુનિક રીતે ખેતી કરતાં, પશુપાલન વ્યવસાય સાથે જોડ્યા, વેસ્ટમાંથી બેસ્ટ બનાવતાં શિખવાડ્યું, બટાકાની ખેતીને પ્રોત્સાહન આપ્યું, મધની ખેતી કરતાં શિખવાડ્યું અને દૂધના શ્રેષ્ઠ ભાવ આપીને નાગરિકોને આર્થિક રીતે મજબૂત કરી રહી છે. બનાસ ડેરીએ દિયોદરમાં પણ બનાસ ડેરી સંકુલ ઉપરાંત દિયોદર તાલુકામાં ૨૦૦ બાયોગેસ યુનિટ અને બાદરપુરા ખાતે આધુનિક આટા પ્લાન્ટની સ્થાપના જેવી વિવિધ કલ્યાણકારી યોજનાઓ હાથ ધરી છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં નવા સાહસ રૂપે જિલ્લાની અલગ અલગ દૂધ મંડળી ખાતે ૨૪ ઉમંગ મોલ્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. વારાણસીમાં બનાસ કાશી સંકુલ ડેરી પ્લાન્ટનું બાંધકામ શરૂ કરાયું છે તેમજ અમૂલ રિટેલ પાર્લર અને બનાસ ફૂડ લેન્ડ રેસ્ટોરન્ટની સ્થાપના કરાઈ છે. વધુમાં બનાસ ડેરીએ બનાસ કેટલ ટ્રીટમેન્ટ એપ લોન્ચ કરી છે, જેની તમામ કામગીરી કમ્પ્યૂટરાઈઝ કરાઈ છે. ખેતી અને દૂધ ઉછેર માટે ડ્રોન ટેક્નોલોજી સંબંધિત યોજનાઓ શરૂ કરાઈ છે.



બનાસ ડેરીએ બનાસ પોટેટો વેલ્યૂ એડિશન પ્રોજેક્ટ હેઠળ બટાકાનું મૂલ્યવર્ધન કરી ખેડૂતોની આવકમાં વધારો કર્યો છે અને બનાસ ખાદ્યતેલ યોજના થકી બાદરપુરાની બંધ મિલમાં સફળતાપૂર્વક ફરી તેલ ઉત્પાદન શરૂ કર્યું છે. ગોબરધન યોજનાએ અસરકારક રીતે કચરાને ઉપયોગી ઉત્પાદનમાં રૂપાંતરિત કર્યું છે, જ્યારે કેટલ ફીડ વિસ્તરણ યોજનાથી કાતરવા કેટલ ફીડ પ્લાન્ટની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરાયો છે. ટેક હોમ રાશન પ્લાન્ટ દ્વારા કુપોષણ નિવારણમાં બનાસ ડેરીએ નોંધપાત્ર સફળતા મેળવી છે.

બનાસ મેડિકલ કોલેજ દેશની પ્રથમ ખેડૂત માલિકીની કોલેજ છે, જે બનાસ ડેરીના પશુપાલકોનાં બાળકોને ફીમાં ૫૦% રાહત આપે છે. વધુમાં બનાસ ડેરીએ ફરીદાબાદ, કાનપુર અને લખનૌમાં નવા ડેરી પ્લાન્ટ સ્થાપ્યા છે અને વન વિભાગના સહયોગથી ૧ કરોડથી વધુ સીડ બોલનું ઉત્પાદન કરીને પ્રકૃતિ સંવર્ધનમાં સક્રિય યોગદાન આપ્યું છે.

બનાસ ડેરીએ હાંસલ કરેલ સિદ્ધિઓમાં સહયોગ કરવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી, માન.કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહ સાહેબ, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, માન. સી.આર. પાટીલજી તથા સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો. બનાસ ડેરીની ૫૫મી સાધારણ સભામાં બનાસ ડેરીના નિયામક મંડળના તમામ સભ્યશ્રીઓ, પશુપાલકો, ખેડૂતો, સહકારી આગેવાનો, અધિકારીઓ અને સંઘના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# પશુપાલકોને ભાવફેર આપવામાં બનાસ ડેરીએ રચ્યો ઇતિહાસ

### ૨૦.૨૭ ટકા સાથે ૧૯૫૨ કરોડ રૂપિયાનો ભાવફેર આપવાની જાહેરાત સાથે પશુપાલકોના ઘરે સર્જાયો દિવાળીનો માહોલ




બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં બનાસ ડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને ૨૦.૨૭ ટકા લેખે ૧૯૫૨ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. પશુપાલકોએ આ ભાવફેરના નિર્ણયને વધાવી લીધો હતો. જ્યારથી શ્રી શંકરભાઈ બનાસ ડેરીના ચેરમેન બન્યા છે ત્યારથી દર વર્ષે પશુપાલકોનાં હિતલક્ષી ભાવફેર આપવામાં આવે છે.

ચેરમેન શ્રી શંકરભાઈએ પશુપાલકોના કલ્યાણ, સર્વાંગી સુખાકારી અને વિકાસ માટે વર્ષ ૨૦૧૮-૧૯ની ૫૧મી વાર્ષિક સાધારણ સભામાં ૬૬૭.૬૧ કરોડ રૂપિયા ભાવફેર રૂપે જાહેર કર્યા હતા. વર્ષ ૨૦૧૯-૨૦માં છેલ્લા ભાવફેરની અંદર બે ગણો વધારો કરી ૧૧૪૪ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કર્યો હતો. વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૧૩૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરવામાં આવ્યો હતો. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં છેલ્લા વર્ષના ભાવફેરમાં વધારો કરીને ૧૬૫૦ કરોડ રૂપિયા ભાવફેર તરીકે જાહેર કરાયો હતો. આ વર્ષ એટલે કે ૨૦૨-૨૩માં બનાસ ડેરીના ઇતિહાસમાં ક્યારેય પણ જાહેર ના કરાયો હોય એવો ભાવફેર જાહેર કરતાં ૧૯૫૨ કરોડ રૂપિયા ભાવફેર જાહેર કરાયો હતો.

બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકોને આર્થિક રીતે સધ્ધર બનાવવા સમયે સમયે દૂધના ભાવમાં વધારો તેમજ પશુપાલકોના હિતમાં નિર્ણયો કરવામાં આવે છે, જેના કારણે બનાસકાંઠામાં પશુપાલનનું પ્રમાણ વધ્યું છે. જ્યારથી શંકર ચૌધરીએ બનાસ ડેરીનું નેતૃત્વ સંભાળ્યું છે ત્યારથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોના હિતમાં કલ્યાણકારી નિર્ણયો કરવામાં આવી રહ્યા છે. ચેરમેન શંકર ચૌધરી ભાવ વધારો, ભાવફેર અને સતત દૂધના ભાવમાં વધારો કરીને પશુપાલકોને એમની મહેનતનાં મીઠાં ફળ આપી રહ્યા છે.







**બનાસકાંઠા જિલ્લાના લાખો પશુપાલકોએ ભેગા મળીને પ્રયાસ, પરિશ્રમ અને મહેનત થકી બનાસ ડેરીની સફળતાની કહાણી લખી છે અને બનાસ તેમજ ગુજરાતને પોતીકું ગણી તેમને સહકારથી સમૃદ્ધિ તરફ દોરવાનું ઐતિહાસિક કાર્ય આપણા મોદી સાહેબે કર્યું છે.**

**- ચેરમેન શ્રી શંકરભાઈ**

# બનાસ ડેરીની સફળતાનું શ્રેય દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ફાળે જાય છે: ચેરમેન શ્રી શંકરભાઈ



બનાસ ડેરી સંકુલ, સણાદર ખાતે બનાસ ડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ચેરમેન શ્રી શંકરભાઈએ વર્ષ દરમિયાન પશુપાલકો તથા ખેડૂતોના અથાગ પ્રયાસ અને પરિશ્રમથી બનાસ ડેરીએ સર કરેલા નવા કીર્તિમાનો અને ઉત્તરોત્તર પ્રગતિનાં કાર્યોથી જિલ્લાવાસીઓને અવગત કર્યા હતા.

ચેરમેનશ્રીએ પશુપાલકોને સંબોધતાં જણાવ્યું હતું કે આજે બનાસ વટવૃક્ષ બની ગયું છે એની ગૌરવગાથા લખાઈ છે. આ સફળતા સરળતાથી નથી મળી. નાના નાના લાખો પશુપાલકોએ ભેગા મળીને પરિશ્રમ કરીને ડેરીને વિશાળ બનાવી છે. બનાસ ડેરીને સફળતા અપાવી છે. અનેક સિદ્ધિઓ હાંસલ કરાવીને વિશ્વફલક પર નામ પહોંચાડ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ બધું શક્ય એટલે બન્યું કે બનાસ ડેરીને સતત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબનું માર્ગદર્શન અને સાથ-સહકાર મળતો રહ્યો છે. તેઓએ હંમેશાં પશુપાલક અને ખેડૂતોના કલ્યાણની ચિંતા કરી છે. સહકારિતાને મજબૂત કરવા માટે સહકારી મંત્રાલય બનાવ્યું સાથે આ વિભાગની કમાન કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહને સોંપીને "સહકારથી સમૃદ્ધિ"ની પરિકલ્પનાને પરિપૂર્ણ કરવાની કટિબદ્ધતા દાખવી છે.

વડાપ્રધાનશ્રીએ ખેડૂતો અને પશુપાલકોને આવક વધારવા માટે પશુપાલન વ્યવસાય તેમજ ખેતીને આધુનિક પદ્ધતિ કરવા પ્રોત્સાહન આપ્યું, સાથે આત્મનિર્ભર બનવા માટે દૂધ ઉત્પાદન સિવાયના અન્ય વ્યવસાયો શરૂ કરવા પ્રેરણા અને માર્ગદર્શન પૂરું પાડ્યું. આજે બનાસ ડેરીએ વેસ્ટમાંથી વેલ્થ, પશુઓની આવક, ઊર્જા ક્ષેત્રે, સ્વીટક્રાંતિ જેવાં અનેક મોદીજીનાં સપનાંઓ સાકાર કર્યાં છે. બનાસ ડેરીએ ચાલુ વર્ષમાં રૂ.૧૮,૦૫૯ કરોડથી વધુ ટર્નઓવર કરી પ્રગતિના પંથે આગળ વધીને પશુપાલકોના કલ્યાણ અર્થે રૂ.૧૯૫૨ કરોડ રૂપિયાનો ઐતિહાસિક ભાવફેરનો નિર્ણય કર્યો એટલે જ તો બનાસ ડેરીની સફળતાનું શ્રેય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના ફાળે જાય છે.



# વર્ષ ૨૦૨૨-૨૩માં બનાસ ડેરીએ કરી તેજ ગતિએ પ્રગતિ

- **બનાસ ડેરીએ કર્યો દૂધ સંપાદનમાં વધારો (દૈનિક સરેરાશ):**

૨૦૧૩-૧૪ : ૨૯.૯૬ લાખ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩ : ૭૨.૦૪ લાખ કિ.ગ્રા.

- **પશુપાલકોને દર મહિને બનાસ ડેરી દ્વારા દૂધ પેટે ચૂકવાતી રકમ (કરોડ રૂપિયા)**

૨૦૧૩-૧૪ : ૨૮૭ કરોડ રૂપિયા
૨૦૨૨-૨૩ : ૧૦૨૫ કરોડ રૂપિયા

- **દૂધ ઉત્પાદનમાં અગ્રેસર બનાસ**

ભારતની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં દૈનિક પશુદીઠ વધુ ઉત્પાદન (લિટરમાં)

ભેંસ (ભારત) : ૬.૩૪ (બનાસકાંઠા) ૬.૮૭

કાંકરેજ ગાય : (ભારત) : ૩.૮૫ (બનાસકાંઠા) ૫.૭૪

એચ.એફ.ક્રોસ : (ભારત) : ૭.૮૫ (બનાસકાંઠા) ૯.૮

- **છેલ્લાં ૧૦ વર્ષમાં બનાસ ડેરીએ આપેલ દૂધનો ભાવફેર (કરોડ રૂપિયા)**

૨૦૧૩-૧૪ : ૪૩૦.૦૧ / ૨૦૧૪-૧૫: ૨૯૦.૦૨ / ૨૦૧૫-૧૬: ૨૮૪.૦૩ / ૨૦૧૬-૧૭: ૫૧૪.૭૯ /

૨૦૧૭-૧૮ : ૩૨૯.૮૨ / ૨૦૧૮-૧૯: ૬૬૭.૬૧ / ૨૦૧૯-૨૦: ૧૧૪૪ / ૨૦૨૦-૨૧: ૧૧૩૨ / ૨૦૨૧-૨૨ : ૧૬૫૧ / ૨૦૨૨-૨૩: ૧૯૫૨

- **છેલ્લાં ૧૦ વર્ષમાં બનાસ ડેરીએ આપેલ દૂધનો ભાવ (પ્રતિ કિલો ફેટે)**

૨૦૧૩-૧૪: ૫૯૦ / ૨૦૧૪-૧૫: ૬૮૨ / ૨૦૧૫-૧૬: ૬૬૮ / ૨૦૧૬-૧૭: ૭૦૦ / ૨૦૧૭-૧૮: ૭૧૫ / ૨૦૧૮-૧૯: ૭૧૫ / ૨૦૧૯-૨૦: ૮૧૨ / ૨૦૨૦-૨૧: ૮૧૮ / ૨૦૨૧-૨૨: ૮૫૧ / ૨૦૨૨-૨૩: ૯૪૮




- **બનાસ ડેરીનું ટર્નઓવર**

૨૦૧૩-૧૪: ૪,૬૮૭ કરોડ રૂપિયા
૨૦૨૨-૨૩: ૧૮,૦૫૯ કરોડ રૂપિયા

(૨૮૫%નો વધારો થયેલ છે)

- **શેર ભંડોળ**

૨૦૧૩-૧૪: ૧૧૭ કરોડ રૂપિયા
૨૦૨૨-૨૩: ૩૯૨ કરોડ રૂપિયા

- **બનાસ ડેરીની મૂડીમાં નોંધાયો વધારો**

૨૦૧૩-૧૪: ૨૪૪ કરોડ રૂપિયા
૨૦૨૨-૨૩: ૮૫૧ કરોડ રૂપિયા

- **બનાસ ડેરીની મિલકતમાં થયેલ વધારો**

૨૦૧૩-૧૪: ૮૭૯ કરોડ રૂપિયા
૨૦૨૨-૨૩: ૩૭૪૦ કરોડ રૂપિયા



## નવીન જમીન સંપાદન

સણાદર: ૧૫૫ વીઘા
રતનપુરા (ભીલડી): ૨૨૦ વીઘા
બાદરપુરા: ૭૭ વીઘા
વારાણસી બનારસ: ૫૨.૦૯ વીઘા
ફરીદાબાદ નવી: ૮.૭૮ વીઘા
બાગપત: ૩૦ વીઘા

## દૂધ સિવાયના વ્યવસાયમાં બનાસ ડેરીએ કરેલી પ્રગતિ




સોલર પ્રોજેક્ટ: ૧૩.૪૫ કરોડ રૂપિયાની બચત
બનાસ ફૂડ લેન્ડ રેસ્ટોરન્ટ અને અમૂલ પાર્લરની શરૂઆત
ઉમંગ મોલ: ૨૪ નવા ઉમંગ મોલ શરૂ કરવામાં આવ્યા



## બનાસ ડેરી દ્વારા આપવામાં આવતી સેવા

૨૮૦ વેટરનરી ડોક્ટર અને
૧૯૫ મોબાઈલ વાન સાથે
પશુની સારવાર



## વર્ષ દરમિયાન બનાસ ડેરીએ કરેલ સીમેન પ્રોડ્કશન



કાંકરેજ ગાયના ૨,૬૨,૦૫૦
મહેસાણી ભેંસના ૧૦,૪૮,૬૦૫
HF ક્રોસ બ્રીડ ગાયના ૫,૬૯,૭૮૫
કુલ ૧૮,૮૦,૪૪૦ ડોઝ



## બનાસ ડેરીએ કર્યું તબીબી શિક્ષણનું સ્વપ્ન સાકાર

બનાસ મેડિકલ કોલેજમાં બનાસના કુલ ૨૯૨ ડોક્ટર્સ દીકરા-દીકરીઓએ અભ્યાસ કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે તેમજ તેઓની કુલ ૧૭.૧૪ કરોડની ફી માફ કરવામાં આવી છે.

## બનાસ જનરલ હોસ્પિટલ, પાલનપુર



૧૪૫૦ બેડની સુવિધા સાથેની હોસ્પિટલ તૈયાર કરવામાં આવશે, જેમાં આ પ્રકારની તમામ સુવિધાઓ ઉપલબ્ધ હશે.

જોઇન્ટ રિપ્લેસમેન્ટ, ઓર્થોસ્કોપી, યુરોલોજી, બ્રેન સર્જરી, સ્પાઈન સર્જરી, MRI અને પેપ સ્કેન, ડિજિટલ મેમોગ્રાફી, 5 ડી સોનોગ્રાફી, આધુનિક લેપ્રોસ્કોપી, એન્ડોસ્કોપી, હાર્ટએટેકનું નિદાન, મેમોગ્રાફી વાન



## બનાસ જળશક્તિ અભિયાન

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ જિલ્લામાં ૭૫ તળાવનું નિર્માણ કરવા કરેલા આહ્વાનને પરિપૂર્ણ કરવા બનાસ ડેરીએ તૈયાર કર્યાં ૨૩૫ તળાવ.



## ભાવિ પેઢી માટે પર્યાવરણનું જતન કરતી બનાસ ડેરી

વૃક્ષારોપણ અભિયાન
સીડ બોલ અભિયાન
માટી બચાવો અભિયાન

## લાખો પશુપાલકો સાથે જોડાયેલા રહેવા બનાસ ડેરીની પહેલ

બનાસ રેડિયો સ્ટેશન, દિયોદરની શરૂઆત કરવામાં આવી. એક એવું રેડિયો સ્ટેશન છે કે જેમાં મનુષ્યની તો ચિંતા કરવામાં આવી છે, પરંતુ સાથે પશુઓની પણ ચિંતા કરવામાં આવી છે.





## બનાસ ડેરીએ કર્યો પોતાની ઉત્પાદનક્ષમતામાં વધારો

૨૦૧૩-૧૪: ૦ દૈનિક કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: ૨,૦૦,૦૦૦ દૈનિક કિ.ગ્રા.

◀ ટેક હોમ રાશન પ્લાન્ટ

## બટાકા પ્રોસેસિંગ પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: ૦ દૈનિક કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: ૪૮,૦૦૦ દૈનિક કિ.ગ્રા.





## મધ પ્રોસેસિંગ પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: ૦ દૈનિક કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: ૪,૮૦૦ દૈનિક કિ.ગ્રા.





## ખાદ્યતેલ પ્લાન્ટ, બાદરપુરા (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: ૦ દૈનિક કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: ૨,૦૦,૦૦૦ કિ.ગ્રા.

## બનાસ બાયો સી.એન.જી. પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: ૦ દૈનિક કિ.ગ્રા.

૨૦૨૨-૨૩: દૈનિક ૪૦,૦૦૦ કિ.ગ્રા. ગોબર પ્રોસેસિંગ, ૩,૫૦૦ કિ.ગ્રા. પ્રોમ ખાતર, ૮૦૦ કિ.ગ્રા. બાયો સી.એન.જી., ૭૦,૦૦૦ લિટર લિક્વિડ સ્લરી







## UHT પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૨,૫૦,૦૦૦ લિટર
૨૦૨૨-૨૩: દૈનિક ૫,૫૦,૦૦૦ લિટર



## વ્હે પાવડર પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૪૫,૦૦૦ કિ.ગ્રા.

## બટર પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૧,૨૦,૦૦૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૨,૦૦,૦૦૦ કિ.ગ્રા.






## ચીઝ પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: ૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૬૦,૦૦૦ કિ.ગ્રા.

## બટર મિલ્ક (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૫૦,૦૦૦ લિટર
૨૦૨૨-૨૩: દૈનિક ૬,૮૦,૦૦૦ લિટર






## દહીં પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૨૩: દૈનિક ૫૦,૦૦૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૩,૫૦,૦૦૦ કિ.ગ્રા.






## ચોકલેટ પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૬,૦૦૦ કિ.ગ્રા.

## આઈસક્રીમ પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૭૦,૦૦૦ લિટર
૨૦૨૨-૨૩: દૈનિક ૨,૭૦,૦૦૦ લિટર





## ઘી પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૨૫,૦૦૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૬૦,૦૦૦ કિ.ગ્રા.



## ફ્લેવર્ડ મિલ્ક પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૦ લિટર
૨૦૨૨-૨૩: દૈનિક ૧,૦૦,૦૦૦ લિટર

## પનીર પ્લાન્ટ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૪૦,૦૦૦ કિ.ગ્રા.







## મીઠાઈ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: ૧૦,૦૦૦ કિ.ગ્રા.

## બનાસ દાણ (ઉત્પાદનક્ષમતા)

૨૦૧૩-૧૪: દૈનિક ૧૬,૦૦,૦૦૦ કિ.ગ્રા.
૨૦૨૨-૨૩: દૈનિક ૩૦,૦૦,૦૦૦ કિ.ગ્રા.





# સક્ષમ અને સફળ નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ વર્ષ ૨૦૨૨-૨૩માં કરેલ વિકાસ



### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે દિયોદર ખાતે બનાસ સંકુલ તેમજ અન્ય વિકાસકાર્યોનું લોકાર્પણ

નવભારત નિર્માણના પ્રણેતા અને વિકાસપુરુષ દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના શુભ હસ્તે દિયોદર તાલુકાના સણાદર ખાતે માત્ર દોઢ વર્ષની અંદર ૧૫૬ વીઘામાં નિર્માણ પામેલ બનાસ ડરી સંકુલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. દિયોદર જેવા નાના તાલુકામાં બનાસ ડેરીનો પ્લાન્ટ બનવાથી ખેડૂતોની આવક બમણી કરવાનું મોદી સાહેબનું સપનું સાકાર થઈ રહ્યું છે, વિકાસયાત્રાને ગતિ મળી છે. બનાસકાંઠા જિલ્લામાં આર્થિક ઉન્નતિનાં દ્વાર ખૂલશે અને સકારાત્મક પરિવર્તન આવશે.

આ સંકુલમાં પ્રતિદિવસ ૩૦ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ, ૮૦ ટન માખણ, ૧ લાખ લિટર આઈસક્રીમ, ૨૦ ટન માવો અને ૬ ટન ચોકલેટનું ઉત્પાદન કરવામાં આવે છે, સાથે ભવિષ્યમાં આવશ્યકતા પ્રમાણે ૫૦ લાખ લિટર પ્રતિદિવસ દૂધનું પ્રોસેસિંગ કરી શકાય એ પ્રમાણે આ સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે.

### નવી શરૂઆતઃ નિર્ણાયક નેતૃત્વના પશુપાલક હિતલક્ષી નવા ઉમંગ મોલ




જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ પશુપાલકોને ઘરઆંગણે મળી રહે. વળી, બનાસવાસીઓનાં ઉત્પાદનોમાં જરૂરિયાત મુજબ મૂલ્યવર્ધન કરી તેને આ ઉમંગ મોલમાં ઉપલબ્ધ કરાવી ગામેગામ પહોચાડવાનું ધ્યેય બનાસ ડેરીનું છે. હાલ ૨૪ જેટલા ઉમંગ મોલ કાર્યરત છે. ઉમંગ મોલમાંથી થતી બચત સીધી દૂધ ઉત્પાદકોના ફાળે જાય છે. સૌપ્રથમ વાર દૂધની રકમની ક્રેડિટથી પશુપાલકો ચીજવસ્તુઓ ખરીદી શકે છે.

### ઊર્જા ક્ષેત્રે શ્રેષ્ઠ ઉદાહરણ



બનાસ ડેરી દ્વારા ડેરી સસ્ટેનીબિલિટી માટે મહત્ત્વનાં પગલાં ભરાઈ રહ્યાં છે. પર્યાવરણની જાળવણી સાથે કાર્બન ન્યુટ્રાલિટીનું મોટું ધ્યેય માનનીય વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનથી નક્કી કરાયું છે. તેના ભાગરૂપે ઊર્જા ક્ષેત્રે સૌર ઊર્જાનો ઉપયોગ કરવાનું ધારણ કરી લક્ષ્યાંક નક્કી કર્યા છે. જુદા જુદા પ્લાન્ટ્સના રૂફટોપ પર સૌર ઊર્જા પ્રણાલીને લગાડીને બનાસ ડેરીએ રૂ.૧૩.૪૫ કરોડ જેટલી માતબર રકમની બચત કરેલી છે.

### દૂધ સંપાદનમાં ચાલુ વર્ષે બનાસ ડેરી ફરી એક વાર દેશભરમાં મોખરે



ચાલુ વર્ષ દરમિયાન સરેરાશ દૂધની આવક પ્રતિદિન ૭૨.૦૪ લાખ કિ.ગ્રા. થયેલ છે અને વધુમાં વધુ ૮૯.૫૦ લાખ કિ.ગ્રા. દૂધ સંપાદન તારીખ ૧૦-૦૧-૨૦૨૩ના રોજ કરેલ છે. આમ, દેશમાં દૂધ સંપાદનમાં મોખરે રહેલ છે અને વર્ષ દરમિયાન કોઈ મુશ્કેલી વગર પશુપાલકો પાસેથી દૂધને લઈ દૂધની પ્રક્રિયાને સુચારુરૂપે ચાલુ રાખેલ છે, જે બનાસ ડેરીનાં સક્ષમ નેતૃત્વનું પ્રમાણ છે.

### બનાસની આત્મનિર્ભર મહિલા પશુપાલકો સાથે સીધો સંવાદ

દૂધના વ્યવસાયની સાચી તાકાત બનાસકાંઠા જિલ્લાની માતાઓ, બહેનો છે. તેઓ સાક્ષાત્ મા જગદંબાનું સ્વરૂપ છે. તેમના યથાર્થ પરિશ્રમથી બનાસ ડેરીએ પ્રગતિનાં સોપાનો સર કર્યાં છે. મહિલા સંમેલનો દ્વારા જનજાગૃતિનાં કામ બનાસ ડેરી સતત કરતી રહે છે. સ્વ. ગલબાકાકાના સ્વપ્નને સાકાર કરી હજારો વિધવા બહેનોના જીવનનો આધાર દૂધનો વ્યવસાય બન્યો છે. તેમનાં બાળકોને શિક્ષણ, સ્વાસ્થ્ય અને પ્રગતિ માટેની આર્થિક વ્યવસ્થા પૂરી પાડેલ છે.

### બનાસ ડેરીના ખેડૂતોએ શ્વેતક્રાંતિ બાદ સર્જી સ્વીટક્રાંતિ

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરી સાથે જોડીને સ્વીટક્રાંતિમાં સફળતા પ્રાપ્ત કરી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ શ્વેતક્રાંતિ સાથે મધ ઉત્પાદન ક્ષેત્રે ક્રાંતિ સર્જવાના લક્ષ્ય સાથે બનાસ ડેરીએ અત્યાર સુધીમાં ૫૮૭ ખેડૂત પરિવારોને મધ ઉત્પાદન માટે તાલીમ આપી છે અને ૬,૬૦૦ મધપેટીઓની વહેંચણી કરી છે, જેના કારણે જિલ્લાભરમાંથી સફળતાપૂર્વક કુલ ૮૫,૮૦૭ કિ.ગ્રા. મધનું સંપાદન કર્યું છે. મધના વાહક એવા જિલ્લાના ખેડૂતોના પરિશ્રમ, પ્રયાસ અને પુરુષાર્થના પરિણામ સ્વરૂપે વર્ષ ૨૦૧૬-૧૭માં તેમને રૂ.૨.૪૦ લાખ ચૂકવાયા હતા, જે વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ રકમનો આંકડો વધીને રૂ.૫૦૭.૬૭ લાખ પર પહોંચી ગયો છે, જે સમૃદ્ધિની દિશાને દર્શાવે છે.

### ૭૫ તળાવની સામે બનાસ ડેરીએ નિર્માણ કર્યા ૨૩૫ તળાવ





જળ છે તો જીવન છે. જળ છે તો ખેતી છે. જળ છે તો પશુપાલન છે. માનનીય વડાપ્રધાનશ્રીના ૭૫ અમૃત સરોવર બનાવવાના આહ્વાનના પગલે બનાસ ડેરીના ગલબાભાઈ ટ્રસ્ટ હેઠળ કુલ ૨૩૫ જેટલાં તળાવો ઊંડાં કરી અંદાજિત ૧૩૦૦ કરોડ લિટર પાણીના સંગ્રહની ક્ષમતા ઊભી કરી છે. આનાથી ભૂગર્ભ જળના નીચે જતા તળને સાચવી રાખવા તથા શિયાળાની ઋતુમાં રવી પાકની સિંચાઈ માટેની વ્યવસ્થા શક્ય બની છે. આ સિદ્ધિમાં આપ સૌના સહકારની અમો નોંધ લઈને છીએ અને આવનારા વર્ષમાં આ અભિયાન ચાલુ રાખવા બનાસ ડેરી કટિબદ્ધ છે.

### આન, બાન અને શાન સાથે બનાસવાસીઓએ લહેરાવ્યો ૧૦૦ ફૂટ ઊંચો તિરંગો



દેશના ૭૬મા સ્વતંત્રતા પર્વની ઉજવણીના ભાગરૂપે બનાસ સંકુલ, સણાદર ખાતે ૧૦૦ ફૂટ ઊંચો રાષ્ટ્રધ્વજ લહેરાવીને માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ 'ઘર ઘર તિરંગા'ના વડાપ્રધાનશ્રીના આહ્વાનને મજબૂત કર્યું હતું.

### ''માટી બચાવો'' અભિયાનની દિશામાં બનાસ ડેરી સક્રિય



ધરતી ઉપજાઉ અને ફળદ્રુપ હશે તો જ ખેતી પોષણક્ષમ રહેશે. ઈશા ફાઉન્ડેશન દ્વારા ચલાવવામાં આવતા સેવ સોઇલ (માટી બચાવો) અભિયાનના ભાગરૂપે પૂજ્ય શ્રી સદ્ગુરુ જગદીશ વાસુદેવ ૧૦૦ દેશોનો પ્રવાસ કરીને 'માટી બચાવો' અંગે જાગૃતિ લાવવા બનાસકાંઠાના આંગણે પધાર્યા હતા અને માનનીય ચેરમેન શ્રી શંકરભાઈને ગુજરાતના સેવ સોઇલ અભિયાનના એમ્બેસેડર તરીકે જવાબદારી સોંપી. બનાસકાંઠાની જમીનના કાર્બન કન્ટેન્ટ વધારવા માટે ઈશા ફાઉન્ડેશન અને બનાસ ડેરી સાથે મળી લાંબા ગાળાનું આયોજન કરી રહ્યાં છે, જેનાં નક્કર પરિણામો ભવિષ્યમાં મળશે એવી ખાતરી છે.

### નિર્માણાધીન વારાણસી ડેરી પ્લાન્ટ



વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના પ્લાન્ટની ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મુલાકાત કરી કાર્યપ્રગતિની માહિતી મેળવી હતી. બનાસ ડેરીએ દેશમાં એક નવી આર્થિકશક્તિ ઊભી કરી છે. સહકારી ભાવના સાથે લાખો ખેડૂતો અને પશુપાલકોને જોડીને સર્વાંગી સુખાકારી માટે સતત સક્રિય છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ અંદાજિત ૫૦૦ કરોડથી વધુના ખર્ચે વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીનો નવો પ્લાન્ટ સ્થાપવાનું કામ શરૂ કર્યું છે, જેનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મોદીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્લાન્ટ શરૂ થવાથી વારાણસી ક્ષેત્રના ખેડૂતો-પશુપાલકો અને જનતાને આ યોજનાનો લાભ મળતો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્રોત બનશે.

### બનાસકાંઠાના 'ધનાલી અને નવાગામ'નું નવું કદમ



ભારત સરકારના 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત ગોબરધન પ્રોજેક્ટ હેઠળ ઘરેલુ બાયોગેસ યુનિટ 'ધનાલી અને નવાગામ'માં પ્રસ્થાપિત કરેલ છે. તેના દ્વારા રસોઈ ગેસના સિલિન્ડરની બચત થાય છે અને જૈવિક ખાતર સીધું ખેતરમાં પહોંચાડી શકાય છે તેમજ પર્યાવરણને થતું નુકસાન અટકાવી શકાય છે. આવનાર સમયમાં વધુ ગામોને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

### બનાસ ડેરીએ લમ્પી સ્કિન રોગથી પશુધનને રક્ષણ આપવા લીધાં હતાં મહત્ત્વપૂર્ણ પગલાં



ગુજરાતના વિવિધ જિલ્લાના પશુધનમાં વ્યાપક પ્રમાણમાં લમ્પી નામનો રોગ ફેલાઈ રહ્યો હતો ત્યારે બનાસકાંઠાનાં પશુઓમાં આ રોગને ફેલાતો અટકાવવા માટે ચેરમેન શ્રી શંકરભાઈએ આ રોગચાળાની ગંભીરતાને સમજીને ડેરીના વેટરનરી

ડોક્ટરશ્રીઓને યુદ્ધના ધોરણે રસીકરણનું કામ કરવા માટેની સૂચના આપી હતી અને તેમના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ સંવેદનશીલ અભિગમ દર્શાવી જિલ્લામાં આ રોગચાળા સામે તાત્કાલિક ધોરણે રક્ષણાત્મક ઉપાયો હાથ ધરવાની પ્રક્રિયા અને વાઈરસ અસરગ્રસ્ત તાલુકાઓમાં કામગીરી, સર્વે અને સારવાર શરૂ કરવાની કવાયત હાથ ધરી હતી.

### ગર્ભ પ્રત્યારોપણ (એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી)ની શરૂઆત

બનાસ ડેરી દ્વારા છેલ્લાં ૪-૫ વર્ષથી પશુધન સુધારણા માટેની આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે પણ હવે તેમાં એક પગલું આગળ વધતાં અત્યંત આધુનિક એમ્બ્રિયો ટેક્નોલોજી એટલે કે ગર્ભ પ્રત્યારોપણ તકનીકનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. બનાસ ડેરીએ ઉચ્ચ વંશવાળી દૈનિક ૨૦થી ૨૬ લિટર દૂધ આપતી રોગમુક્ત ૭ કાંકરેજ ગાયોને ડોનર તરીકે પસંદ કરીને એન.ડી.ડી.બી., આણંદની લેબોરેટરીમાં મોકલવામાં આવી છે. સદર ગાયોમાંથી ઉત્તમ બીજ મેળવવાનું તારીખ ૦૫-૦૭-૨૦૨૧ના રોજ શરૂ કરવામાં આવ્યું છે અને લેબોરેટરીમાં ઉચ્ચ વંશવાળા આખલાના સીમેન ડોઝથી ફલીનીકરણ કરાવી ગર્ભ પેદા કરવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવેલ છે.

### એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં બનાસ ડેરીને મળી સફળતા



બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણા કરવા શરૂ કરાયેલ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં બનાસ ડેરીને સફળતા પ્રાપ્ત થઈ છે. ધાનેરા તાલુકાના સોતવાડા ગામે એમ્બ્રિયો ટ્રાન્સફર થકી પ્રથમ કાંકરેજ વાછરડાનો જન્મ થયો છે. આ ટેક્નોલોજીમાં સફળતા મળવી એ બનાસ ડેરી સાથે લાખો પશુપાલકો માટે ખુશીના સમાચાર છે. વૈજ્ઞાનિક ઢબે ખેતીના વ્યવસાયને તો વિકસાવવામાં આવે છે, સાથે પશુપાલન વ્યવસાયમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવીને આ વ્યવસાયને વિકસાવવામાં આવી રહ્યો છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

### વિઝનરી નેતૃત્વ: મંથન-૨૦૨૩ વર્કશોપનું આયોજન કરી વર્ષ ૨૦૩૩ સુધીનું દૂરંદેશી આયોજન

જાપાનીઝ પદ્ધતિથી મેનેજમેન્ટની કામગીરી, સંઘમાં TQM અંતર્ગત સતત સુધારની પ્રક્રિયા ચાલુ રાખેલ છે. 'હોશીન કાનરી' નીતિવિષયક આયોજનના ભાગરૂપે ૨૦૨૩થી ૨૦૩૩ સુધી સંઘના લક્ષ્યાંકો અને ક્ષેત્રોની વિસ્તૃત ચર્ચા કરવા માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ અને નિયામક મંડળે ત્રિ-દિવસીય વર્કશોપમાં ભાગ લીધો હતો. ચેરમેનશ્રીએ 'બનાસ આપણું માવતર, કરે સૌના સુખનું વાવેતર' એવા નવ સ્વપ્નનું આહ્વાન કર્યું અને પ્રેરણાદાયી દીર્ઘદૃષ્ટિભર્યું માર્ગદર્શન આપ્યું હતું.





### બનાસ ડેરીના બાયો સી.એન.જી. પ્રોજેક્ટમાં જાપાનની મારુતિ સુઝુકી કંપની સાથે કર્યા MOU




વેસ્ટમાંથી બેસ્ટના વડાપ્રધાનશ્રીના વિચારને લઈ બનાસ ડેરીએ ગોબર પ્રોસેસિંગથી બાયો સી.એન.જી.નું ઉત્પાદન દામા ખાતે શરૂ કરેલ છે અને એ સફળ રીતે ચાલી રહ્યું છે. આવા ચાર નવા બાયોગેસ પ્લાન્ટ જિલ્લામાં ઊભા કરવાનું આયોજન આવનારા વર્ષમાં કરેલ છે. આ ક્ષેત્રમાં જાપાનની સુઝુકી (ભારતમાં મારુતિ) કંપની સાથે MOU કરવામાં આવેલ છે. જે બનાસ ડેરીનાં બાયો સી.એન.જી. પ્લાન્ટમાં આર્થિક અને ટેકનીકલ ક્ષેત્રે સહયોગ કરશે. મિથેન વાયુથી પર્યાવરણને બચાવવા અને ભવિષ્યમાં મીથેનમાંથી ગ્રીન હાઈડ્રોજન અને કાર્બન પેદા કરવાનું પણ આયોજન છે.

### બનાસ ફૂડ લેન્ડ અને અમૂલ પાર્લર




બનાસ ડેરીની ૫૪મી વાર્ષિક સાધારણ સભા અન્વયે બનાસ ઓઈલ સંકુલ, બાદરપુરા ખાતે આયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી શ્રી પરષોત્તમભાઈ રૂપાલાજીએ હાજરી આપીને અમૂલ હની પ્રોસેસિંગ અને પેકિંગ પ્લાન્ટ તેમજ બનાસ ફૂડ લેન્ડ રેસ્ટોરન્ટ અને અમૂલ પાર્લરની ચેઈનનો શુભારંભ કર્યો હતો.

### ચોકલેટ પ્લાન્ટ, બનાસ સંકુલ, સણાદર

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે માત્ર દોઢ વર્ષની અંદર બનાસ સંકુલ, સણાદરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આ સંકુલમાં અલગ અલગ પ્રકારના પ્લાન્ટ્સ સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં એક ચોકલેટ પ્લાન્ટ પણ છે, જે બનાસકાંઠાના પશુપાલકોએ ભરાવેલા દૂધની મીઠાશને ચોકલેટના માધ્યમથી વિશ્વભરમાં પ્રસરાવે છે. આ પ્લાન્ટમાં અમૂલ બિંદાઝ ચોકલેટ બને છે, જેની ક્ષમતા પ્રતિદિન ૬ મેટ્રિક ટન છે. ચોકલેટનું ઉત્પાદન ઓગસ્ટ-૨૦૨૨થી શરૂ કરાયું હતું.



## દેશમાં બનાસ ડેરી પ્લાન્ટ્સ

**ગુજરાત સહિત દેશનાં ૮ રાજ્યોમાં પોતાનું કાર્યક્ષેત્ર ધરાવે છે બનાસ ડેરી**

- પાલનપુર
- ફરીદાબાદ
- કાનપુર
- સણાદર-દિયોદર
- લખનૌ
- વારાણસી (નિર્માણાધીન)

### પશુધનની સારવાર માટે સુવિધાથી સજ્જ બનાસ ડેરીનો વેટરનરી વિભાગ



- ૨૪૦ નિષ્ણાત વેટરનરી ડોક્ટર્સ અને ૪૦ પેરાવેટરનરી (ડિપ્લોમા વેટરનરી)
- ૧૯૪ પશુ સારવાર મોબાઈલ વાન
- ૧૬૫૦ બીજદાન કર્મચારી
- ૧૮૦૦થી વધુ વિઝિટ જિલ્લામાં દરરોજ કરવામાં આવે છે.
- ૯૯,૨૯૮ પશુઓને બુસેલા અને ૧૭,૨૩,૦૪૮ પશુને ખારવા-મોવાસાની રસી અપાઈ.
- ૨૪ કલાક કાર્યરત અને વિઝિટ પહેલાં પશુપાલકોને ડોક્ટર્સ દ્વારા ફોન કરીને જાણ કરવામાં આવે છે.
- ૨૦૪૩ પશુ વંધ્યત્વ નિવારણ કેમ્પ મારફતે ૧,૨૮,૨૭૭ પશુઓની સારવાર કરાઈ.
- ૧,૪૦૧ કેન્દ્ર મારફતે ૧૬,૦૪,૪૫૦ પશુઓમાં કૃત્રિમ બીજદાન કરાયું.
- ૧૦,૩૧,૫૫૧ પશુઓને ગળસૂંઢા અને ૩,૪૪,૩૧૯ એચ.એફ. ગાયોને ગાંઠિયા તાવની રસી અપાઈ.
- વિઝિટ બાદ ફીડબેક માટે કોલ સેન્ટરની શરૂઆત કરાઈ.

# વર્ષ દરમિયાન બનાસ ડેરીએ વિવિધ ક્ષેત્રમાં કરેલ ઉત્તમ કામગીરી



### વેચાણઃ

વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૧૮,૦૫૯ કરોડનું ઐતિહાસિક ટર્નઓવર કરી મૂલ્યવર્ધનની પ્રક્રિયા ચાલુ રાખેલ છે. ગત વર્ષ કરતાં રૂ.૨૮૦૪ કરોડનું વેચાણ વધેલ છે. વળી, પ્રોટીન આધારિત દૂધ પેદાશોનું નવું ઉત્પાદન કરવાનો અલ્ટ્રા ફિલ્ટરેશન પ્લાન્ટ પ્રસ્થાપિત કરેલ છે. દૂધની સાથે-સાથે બનાસ દાણ, THR, મધ, પોટેટો, બાયો-સી.એન.જી., ખાદ્યતેલના વેચાણમાં નોંધપાત્ર વધારો થયેલ છે.



### કર્મચારીઓ માટે તાલીમઃ

માનવબળની સતત તાલીમ એ કોઈ પણ સંસ્થા માટે મહત્ત્વનું મૂડીરોકાણ છે. TQM અને BEST BANAS Excellence System for Transformationમાં નિષ્ણાતો દ્વારા વ્યવસાયની નવી પદ્ધતિઓ માટેની તાલીમ આપવાનું કામ ચાલુ રાખેલ છે.





### પશુ સંવર્ધન (બીજદાન):

દૂધ ઉત્પાદન વધુ હોય, નિભાવ ખર્ચ ઓછો હોય અને રોગપ્રતિકારક શક્તિ વધારે હોય તેવાં પશુઓની ઓલાદ પશુપાલન માટે યોગ્ય ગણાય છે. વૈજ્ઞાનિક રીતથી પશુ સંવર્ધન કરી ઊંચી ઓલાદની ગાયો અને ભેંસો ઘરઆંગણે તૈયાર કરવા માટે સંઘ દ્વારા બીજદાનની સેવા અમલમાં મૂકેલી છે. હાલમાં ૧૪૦૧ બીજદાન કેન્દ્રો કાર્યરત છે. આ યોજનાનો લાભ વધુમાં વધુ પશુપાલકો સુધી પહોંચે તે માટે યોજનાનો વ્યાપ વધારવા સંઘ દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે.



### પશુ ઓલાદ સુધારણાઃ

બનાસ ડેરી દ્વારા ૬૧૫ મંડળીઓ પર દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ યોજના અમલમાં મૂલેક છે, જેમાં ખૂબ જ સારાં પરિણામ મળેલ છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨,૬૨,૦૫૦ બીજદાન થયેલ પશુઓમાંથી ૯૯,૩૯૪નું વિયાણ થયેલ અને જન્મેલ પાડી/વાછરડીનો જન્મથી જ વિકાસ સારો થાય તે માટે બચ્ચાદાણમાં સંઘ અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા રૂ.૩.૮૮ કરોડની સહાય બચ્ચાદાણમાં આપેલ છે. બે વિયાણ વચ્ચેના અંતર માટે નોંધાયેલા કુલ વિયાણ ૨૬,૮૨૦માંથી ૨૧,૯૭૧ પશુઓનું બે વિયાણ વચ્ચેનું અંતર નિયત મર્યાદામાં રહેલ એ જ પ્રમાણે પ્રથમ વિયાણની ઉંમર માટે નોંધાયેલા કુલ ૩૩૯૯ પાડી/વાછરડીમાંથી ૧૮૫૯માં પ્રથમ વિયાણ નિયત મર્યાદામાં થયેલ. સંઘ અને ગુજરાત મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. દ્વારા કુલ રૂ.૪૪ લાખનું બનાસ દાણ અને બનાસ સુપર મીન વિનામૂલ્યે આપવામાં આવેલ છે. આ યોજનાનો લાભ વધુમાં વધુ પશુપાલકો સુધી પહોંચે તે માટે યોજનાનો વ્યાપ વધારવા સંઘ દ્વારા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.



### બનાસ ઓથેલો ચારો (સાઈલેજ):

ઘાસચારાની અછતને પહોંચી વળવા માટે ખેડૂતો પાસે કરાર આધારિત મકાઈનું વાવેતર કરાવી અને કાપણી કરી ગુણવત્તાયુક્ત બનાસ ઓથેલા ચાર (સાઈલેજ)ની ૬૫,૬૮,૨૨૫ કિ.ગ્રા. ગાંસડીઓ તૈયાર કરી નજીવી કિંમતે વિતરણ કરેલ છે.



### ઘરગથ્થુ ઉપચારઃ

બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોનાં બીમાર પશુઓની ઘરગથ્થુ ઉપચાર થકી સારવાર કરવાનું શરૂ કર્યું છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન ઘરગથ્થુ ઉપચાર થકી ૧,૦૪,૮૯૪ પશુઓની સારવાર કરેલ, જેમાંથી ૬૩,૭૮૪ (૬૧ટકા) પશુઓ સાજાં થયેલ છે.

## રસીકરણ અભિયાનઃ

પશુઓમાં ચેપી રોગનો અટકાવ કરવા વર્ષ ૨૦૨૨-૨૩માં ખારવા-મોવાસા ૧૭,૨૩,૦૪૮, ગળસૂંઢાના ૧૦,૩૧,૫૫૧, થાઈલેરિયાસિસના ૩,૪૪,૪૧૯, બ્રુસેલોસિસના ૯૯,૨૯૮ અને હડકવાનાં ૧૩,૮૭૧ પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.





## ગલબાભાઈ ડેરી સહકારી તાલીમ કેન્દ્રઃ

ગલબાભાઈ ડેરી સહકારી તાલીમ કેન્દ્ર, પાલનપુરના અનુભવી તજજ્ઞો દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩માં ૪૨ દિવસની વૈજ્ઞાનિક બીજદાન તાલીમનું આયોજન કરાયું હતું. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૦૭ તાલીમાર્થીઓએ તાલીમ લીધી હતી.



## એનિમલ કૂલિંગ સિસ્ટમ સહાય યોજનાઃ

ઉનાળામાં દૂધ ઉત્પાદનને ઘટતું અટકાવવા માટે સંઘે એનિમલ કૂલિંગ સિસ્ટમ સહાય યોજના અમલમાં મૂકી છે, જેમાં ખરીદ કિંમતના ૪૦ ટકા સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત તારીખ ૩૧-૦૩-૨૦૨૩ સુધીમાં ૯૦ દૂધ મંડળીઓના ૧૫૪ લાભાર્થીઓને રૂ.૬,૦૦,૨૨૮ની સહાય આપેલ છે.



## વૃક્ષારોપણ કાર્યક્રમઃ

વૃક્ષો એ ધરતીનું હૃદય છે. માનવસૃષ્ટિને ટકાવી રાખવા માટે વૃક્ષોની મહત્ત્વની ભૂમિકા છે. વૃક્ષોથી આચ્છાદિત જમીન પર વરસાદ વધુ વરસે છે. બનાસ ડેરીએ પણ છેલ્લાં કેટલાંક વર્ષોથી વૃક્ષારોપણ કાર્યક્રમની શરૂઆત કરીને બનાસકાંઠાને હરિયાળો પ્રદેશ બનાવવાનો પ્રયાસ કર્યો છે. બનાસ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૬૩,૩૫,૨૭૯ રોપાઓનું વાવેતર કરવામાં આવેલ છે.



## પાકી ગમાણ સહાય યોજનાઃ

સંઘ દ્વારા વધુમાં વધુ ૨૫ પશુની પાકી ગમાણ માટે ગમાણદીઠ રૂ.૪૦૦ પ્રમાણે કુલ રૂ.૧૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨૮૭૭ લાભાર્થીઓને ૪૭,૮૮૨ ગમાણ માટે રૂ.૧,૯૧,૫૨,૮૦૦ની સહાય આપવા માં આવેલ છે.



## મિલ્કિંગ મશીન સહાય યોજનાઃ

બનાસ ડેરી દ્વારા દૂધ ઉત્પાદકો માટે મિલ્કિંગ મશીન સહાય યોજનાનો અમલ કરવામાં આવેલ છે. ખરીદ કિંમતના ૪૦ ટકા સબસિડી પેટે વર્ષ ૨૦૨૨-૨૩માં સંઘે ૫૨૭ મંડળીના ૧૩૫૧ લાભાર્થીઓને રૂ.૨,૨૦,૭૫,૭૦૪ મિલ્કિંગ મશીનની સહાય પેટે ચૂકવાયેલ છે.



## "બેટી બચાવો-કુપોષણ હટાવો" ઘી સહાય યોજનાઃ

દીકરી જન્મને પ્રોત્સાહન મળે તે માટે સંઘ દ્વારા આ યોજના અમલમાં મૂકેલ છે, જેમાં દીકરી જન્મે તો બે કિલો ઘી અને દીકરો જન્મે તો ઘીની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૧૦૯૧ લાભાર્થી બહેનોને ઘી પેટે રૂ.૯,૮૯,૦૪૫ મૂલ્યની સહાય આપવામાં આવેલ છે.

# મહિલા પશુપાલકોએ દૂધ ભરાવીને પોતાની કિસ્મત અને પરિવારની આર્થિક સ્થિતિ બદલી

## બનાસ ડેરી સાથે સંકળાયેલી મહિલા પશુપાલકોએ કરી કરોડો રૂપિયાથી પણ વધારે કમાણી



પશુપાલકોને સૌથી વધુ વળતર ચૂકવતી અને એશિયાની સૌથી મોટી બનાસ ડેરીની વાર્ષિક સાધારણ સભા બનાસ સંકુલ, સણાદર ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી અને રાજ્ય સહકારિતા મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી. આ પ્રસંગે બનાસ ડેરીએ વર્ષ દરમિયાન સૌથી વધુ દૂધ ભરાવતી ટોપ ૧૦ મહિલા પશુપાલકોના નામની યાદી જાહેર કરી હતી, જેમને ચેરમેન શ્રી શંકરભાઈના શુભ હસ્તે રોકડ ઈનામ તેમજ પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવી હતી.

ઔદ્યોગિક ક્ષેત્રે પહેલાંથી જ સાવ પછાત અને અનેક અભાવ વચ્ચે ગુજરાતના એક ખૂણામાં વસેલ બનાસકાંઠાના પશુપાલકોએ દૂધના વ્યવસાયમાં કરેલ ઝડપી પ્રગતિએ ભારત દેશ અને વિશ્વને વિચારમુગ્ધ કરી દૂધ ક્ષેત્રે ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. જિલ્લો ખેતી અને પશુપાલન પર નિર્ભર બન્યો છે. જિલ્લાની અભણ મહિલાઓ સાથે ડિગ્રી ધરાવતી મહિલાઓ પણ પશુપાલન ક્ષેત્રે પ્રગતિ કરી લાખોની કમાણી કરતી થઇ છે. પશુપાલકોનું જીવનધોરણ તેજીના ટકોરે આગળ વધી રહ્યું છે, જેની પાછળ ચેરમેન શંકર ચૌધરીનું સફળ નેતૃત્વ મહત્ત્વનું પરિબળ બનીને ઊભરી આવ્યું છે.







બનાસ ડેરી સાથે સંકળાઈને વર્ષ ૨૦૨૨-૨૩માં સૌથી વધુ દૂધ વેચીને વિક્રમજનક આવક પ્રાપ્ત કરનાર બનાસકાંઠાની ૧૦ લાખોપતિ ગ્રામીણ મહિલા પશુપાલકોના નામની યાદી બનાસડેરીએ ૫૫મી વાર્ષિક સાધારણ સભામાં જાહેર કરી છે. જિલ્લા કક્ષાએ સૌથી વધુ કમાણી કરનાર ટોપ ૧૦ મહિલાઓને "શ્રેષ્ઠ બનાસ લક્ષ્મી" અંતર્ગત અને દરેક તાલુકા કક્ષાએ સૌથી વધુ કમાણી કરનાર ટોપ ત્રણ મહિલાઓને "બનાસ લક્ષ્મી" અંતર્ગત ઈનામ આપવામાં આવ્યાં છે. આ મહિલાઓએ વર્ષ દરમિયાન સૌથી વધુ દૂધ વેચીને વર્ષના ૧ કરોડ રૂપિયા સુધીની કમાણી કરીને સ્ત્રી-શક્તિની તાકાત અને આત્મનિર્ભરતાનું ઉત્તમ ઉદાહરણ વિશ્વને બતાવી દીધું છે.

### વર્ષ ૨૦૨૨-૨૩માં કરોડો સુધીની કમાણી કરનાર બનાસ ડેરીની ટોપ ૧૦ મહિલા પશુપાલકો

૧. નીતાબેન દીપકભાઈ લોહ (સગ્રોસણા મંડળી)

૨. નવલબેન દલસંગભાઈ ચૌધરી (નગાણા મંડળી)

૩. અમરબેન અજબાભાઈ પટેલ (ફતેપુરા સો મંડળી)

૪. લીલાબેન મોઘજીભાઈ ચૌધરી (ચિત્રોડા મંડળી)

૫. હંસાબા હિંમતસિંહ ચાવડા (જોઈતા મંડળી)

૬. તસ્લીબેન આસિફખાન ઝવેરી (બસુ મંડળી)

૭. કેશીબેન ગુલાબસિંહ રાજપૂત (સરદારપુરા (ધ) મંડળી)

૮. મૈસરા અમીન સાલેહ (બસુ મંડળી)

૯. મધુબેન ચંદનસિંહ રાજપૂત (સરદારપુરા (ધ) મંડળી)

૧૦. દેમાબેન દઝાભાઈ ચૌધરી (નવુંપરું (ક) મંડળી)

આ ઉપરાંત બનાસ ડેરી દ્વારા બનાસકાંઠાના દરેક તાલુકામાં પ્રથમ ત્રણ સૌથી વધુ દૂધ ભરાવીને કમાણી કરનાર મહિલાઓને પ્રમાણપત્ર સાથે ચેક આપીને સન્માનિત કરવામાં આવી હતા. દૂધ ઉત્પાદન કરીને કરોડો સુધીની કમાણી કરતી બનાસકાંઠાની આ મહિલાઓ શ્વેતક્રાંતિ થકી મેદાન મારી રહી છે. મહિલાઓ પશુપાલન વ્યવસાય દ્વારા દર મહિને લાખો સુધીની આવક મેળવે છે. જીવનમાં પૈસા અને નામ કમાવવા માટે મોટી ડિગ્રી અને લાયકાતની જરૂર પડે છે તેવી માન્યતાને આ મહિલાઓએ ખોટી પાડીને આજના ભણેલા-ગણેલા ડિગ્રીઓ ધરાવતા યુવાનોને પ્રેરણા પૂરી પાડી છે, સાથે સાબિત કર્યું કે મહેનત અને ધગશ હોય તો વ્યક્તિ કોઈ પણ અશક્ય કામને શક્ય કરી શકે છે.

વિશ્વમાં ડેરીઓ તો ઘણી બધી છે પણ જો સૌથી વધુ દૂધના ભાવ સાથે સૌથી વધુ નફો પશુપાલકોને કોઈ આપતી હોય તો તે બનાસ ડેરી છે. બનાસ ડેરીના સક્ષમ નેતૃત્વના કારણે આજે ડેરી સાથે જોડાયેલી મહિલા પશુપાલકો લાખો કમાણી કરતી થઇ, પોતાની કિસ્મત અને પરિવારની આર્થિક સ્થિતિને બદલવા સક્ષમ બની, સાથે અન્ય લોકોને રોજગાર આપતી પણ થઇ છે. સંઘના આદ્યસ્થાપક સ્વ.ગલબાકાકાનું સપનું હતું કે, 'જિલ્લાની મહિલાઓ દાતરડાના હાથા પર પોતાના પરિવારનું ભરણપોષણ કરે' તે સ્વપ્ન આજે ચેરમેન શંકર ચૌધરીના નેતૃત્વમાં સાકાર થતું જોવા મળી રહ્યું છે.

બનાસ ડેરીના ચેરમેન શંકર ચૌધરીના નેતૃત્વમાં જિલ્લાના લોકોને પશુપાલન વ્યવસાય સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવે છે, કારણ કે પશુપાલન એ કૃષિ સાથે સંકળાયેલો વ્યવસાય છે. જો ખેડૂતોને કૃષિમાં નિષ્ફળતા મળે તો તેઓ પશુપાલન થકી સરભર થઇ શકે છે.